# ઇકો ફ્રેન્ડલી દિવાળી માટે ટીપ્સ

દિવાળી પરિવારજનો અને મિત્રો સાથે ઉજવણી કરવાનો તહેવાર છે. દિવાળી તમારા અને તમારા સગાસંબંધીઓના જીવનમાં આશાનો દીપ પ્રકટાવે છે તેમજ સૌ એકબીજાને ભેટસોગાદો અને મીઠાઇઓનું આદાનપ્રદાન કરે છે. આ તહેવારનું અભિન્ન અંગ ફટાકડાં ફોડવાનું છે. ફટાકડાં ફોડવાથી પર્યાવરણ અને સ્વાસ્થ્યને નુકસાનકારક વાયુઓના ઉત્સર્જન થાય છે. ઉપરાંત એનો ઘોંઘાટ વયોવૃદ્ધ લોકોમાં, હૃદયરોગ ધરાવતા લોકોમાં અને પાળતુ પ્રાણીઓમાં તણાવ પેદા કરે છે.

આપણે દિવાળીની ઉજવણી ઘોંઘાટ વિના અને ઓછામાં ઓછા પ્રદૂષણ સાથે કરી શકીએ? ગ્રાહક સાથી તમને પર્યાવરણને નુકસાન ના થાય તે રીતે દિવાળીની ઉજવણી કરવા માટે કેટલાંક સૂચનો કરે છે.

**ગ્રીન ફટાકડાં:** આગ અને ધુમાડો પેદા કરે એવા ફટાકડાં ફોડવાનું ટાળો. જો તમે ફટાકડાં ફોડવાં ઇચ્છતાં હોય, તો ગ્રીન ફટાકડાં અજમાવો.

**માટીના કોડિયામાં દીપ પ્રકટાવો:** ઇલેક્ટ્રિક લાઇટ કે મીણબત્તી પ્રકટાવવાને બદલે પરંપરાગત માટીના કોડિયામાં દીપ પ્રકટાવો. તેલના દીવા પ્રદૂષણ ફેલાવતા નથી, જ્યારે મીણનો નાશ થઇ શકતો નથી. સ્થાનિક સ્તરે હાથથી માટીના દીવા બનાવતાં હસ્તકલાના કારીગરો / નાના વેપારીઓ પાસેથી કોડિયા ખરીદો, જેથી તેમને પણ દિવાળીની ઉજવણી કરવામાં આર્થિક મદદ મળે.

**પર્યાવરણને અનુકૂળ સુશોભન:** મોસમી ફૂલો અને પાંદડાનો ઉપયોગ દિવાળીના સુશોભન માટે કરો. સુશોભન માટે જૂનાં દુપટ્ટાઓ, સિલ્કની સાડીઓ વગેરેનો ઉપયોગ કરવાનું વિચારો. તમારાં બાળકોને સામેલ કરો અને જૂની સીડી, બંગડીઓ તથા અન્ય કળાત્મક સામગ્રીનો ઉપયોગ કરીને સુશોભન માટેની રસપ્રદ ચીજવસ્તુઓ બનાવો.

**કુદરતી રંગોની રંગોળીઓ:** રંગોળી બનાવવા માટે રસાયણયુક્ત રંગોનો ઉપયોગ કરવાને બદલે કુદરતી રંગો (ચોખાનો પાવડર, હળદર વગેરે)નો ઉપયોગ કરો કારણ કે, રસાયણયુક્ત રંગો તમારી ત્વચાને નુકસાન કરે છે તથા જમીન કે પાણીમાં પ્રદૂષણ ફેલાવે છે. તમારી રંગોળીમાં ફૂલો, પાંદડીઓ, અનાજના દાણા અને કઠોળનો ઉપયોગ કરો. ઉપરાંત રંગોળી માટે ઉપયોગ કરેલા અનાજ-કઠોળને પછી પાણીથી ધોઇ ચકલાના ચણ તરીકે ઉપયોગ કરો અથવા આ અનાજનો રસોઇમાં ઉપયોગ કરી શકે તે માટે ગરીબોને દાન કરો.

**ભેટ:** પર્યાવરણની કાળજી રાખીને તમારી દિવાળીની ભેટસોગાદો પસંદ કરો. છોડવાની ભેટ આપો. પ્લાસ્ટિકની બેગને બદલે શણ કે કાપડની થેલીનો ઉપયોગ કરીને ખરીદી કરો. રંગબેરંગી કાગળ કે પ્લાસ્ટિકથી વીંટાળેલી ભેટ આપવાનું ટાળો અથવા આ માટે ફેબ્રિક કે રિસાઇકલ કરેલા પેપરનો ઉપયોગ કરો. આપણાથી ઓછા નસીબદાર લોકોને ભૂલશો નહીં. ગરીબ / અનાથ બાળકો માટે અને અન્ય વંચિત લોકો માટે થોડી ભેટ ખરીદો.

**ખરીદી:** તમે દિવાળીમાં નવા કપડાં અને ભેટસોગાદની ખરીદી કરવા ઇચ્છો એવું બની શકે છે. તમારી ખરીદશક્તિને સંયમિત રાખો કારણ કે, વધારે પડતી ખરીદીથી કુદરતી સંસાધનોનાં ઉપયોગમાં વધારો થશે અને તમારા ઘરમાં વધારાની ચીજવસ્તુઓ જમા થશે. વળી, ઓનલાઇન ખરીદી કરવાને બદલે તમારી આસપાસની દુકાનોમાંથી ખરીદી કરો, જેથી સ્થાનિક વેપારીઓને ટેકો મળે. ઉપયોગ કરેલી ચીજવસ્તુઓ ફેંકી દેવાને બદલે તેનો ઉપયોગ કરી શકે એવા સગાસંબંધીઓ અને જરૂરતમંદોને આપો. તમે ઉપયોગી ચીજવસ્તુઓ એકત્ર કરી અને એનું જરૂરતમંદો વચ્ચે વિતરણ કરતા સીઇઆરસીના પ્રોજેક્ટ 'આપ લે નો ઓટલો'ને પણ દાન કરી શકો છો.

**જૈવિક રીતે નાશ કરી શકાય એવી કટલરી:** જો તમે દિવાળીમાં નાનો મિલન સમારંભ રાખો, તો જૈવિક રીતે નાશ કરી શકાય તેવી પ્લેટ, કપ અને ગ્લાસનો ઉપયોગ કરો. કેળાના પાનનાં પતરાળાં અને વાંસની પ્લેટ સારાં વિકલ્પો છે. કુલ્હડ (માટીના પાત્રો)માં પીણું પીરસો. પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો.

**તહેવારનો કચરો:** તહેવારોમાં મોટા પાયે કચરો જમા થઇ શકે છે. કચરાને અલગ કરો અને જવાબદારી સાથે એનો નિકાલ કરો.



# ગ્રીન દિવાળી ઉજવો

## ગ્રીન ફટાકડાંના કારણે ઓછામાં ઓછો ઘોંઘાટ અને ધુમાડો

શિયાળામાં હવાના પ્રદૂષણમાં વધારો થાય છે, જેથી સરકારને હવામાન સુધારવા માટે કેટલાંક પગલાં લેવાની ફરજ પડે છે. આ પ્રકારનું એક પગલું છે – ગ્રીન ફટાકડાં, જે ભારતીય વિજ્ઞાન અને ઔદ્યોગિક સંશોધન (સીએસઆઇઆર)ની પ્રયોગશાળા એનઇઇઆરઆઈ (રાષ્ટ્રીય પર્યાવરણ અને ઇજનેરી સંશોધન સંસ્થા)એ વિકસાવ્યાં છે.

**ગ્રીન ફટાકડાં એટલે શું?**

સીએસઆઇઆરના જણાવ્યા મુજબ, ગ્રીન ફટાકડાં એવા ફટાકડાં છે, જે પાર્ટિક્યુલેટ મેટર (પીએમ)નું ઉત્સર્જન ૩૦થી ૩૫ ટકા ઘટાડે છે તેમજ સલ્ફર ડાયોક્સાઇડ અને નાઇટ્રોજન ઓક્સાઇડનું ઉત્સર્જન ૩૫થી ૪૦ ટકા ઓછું કરે છે, જેથી હવાના પ્રદૂષણમાં ઘટાડો થાય છે. ગ્રીન ફટાકડાઓનાં નામ છે – 'સેફ વોટર રીલિઝર' (એસડબલ્યુએએસ), 'સેફ મિનિમલ એલ્યુમિનિયમ' (સફલ) અને 'સેફ થર્માઇટ ક્રેકર્સ' (સ્ટાર).

**ગ્રીન ફટાકડાં -**

- નાનાં કોચલા સાથે બનેલા છે
- નુકસાનકારક રસાયણો ધરાવતા નથી
- એલ્યુમિનિયમનું ઓછું પ્રમાણ ધરાવે છે
- રાખના વપરાશને દૂર કરે છે
- ઉત્સર્જન ઘટાડવા માટે રજકણોના નિયંત્રકોનો ઉપયોગ કરે છે
- ચોક્કસ નુકસાનકારક કાચી સામગ્રી (ખાસ કરીને બેરિયમ નાઇટ્રેટ)ના વિકલ્પનો ઉપયોગ કરે છે અથવા એનું પ્રમાણ ઘટાડે છે, જે વધારે ઉત્સર્જન માટે જવાબદાર છે
- ચોક્કસ મર્યાદાથી વધારે અવાજ પેદા કરી શકતા નથી

પ્રદૂષણ ઘટાડવા ગ્રીન ફટાકડાં પાણીની વરાળ અને/અથવા હવા છોડે છે, જેનાથી ધૂળ કે રજકણો ઓછામાં ઓછા ઊડે છે તથા વાયુનું ઉત્સર્જન ઘટે છે. ગ્રીન ફટાકડાં વિશિષ્ટ ગ્રીન લોગો અને QR કોડ સાથેના પેકેટમાં વેચાશે, જેનું સ્કેનિંગ થશે ત્યારે તમને ફટાકડાંમાં વપરાયેલા રસાયણો વિશે જાણકારી આપશે.

**યાદ રાખો**

- જ્યારે ગ્રીન ફટાકડાં ઓછા નુકસાનકારક છે, ત્યારે અન્ય તમામ ફટાકડાં આર્સેનિક, કાર્બન અને સલ્ફર ધરાવે છે તેમજ સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે.
- ફટાકડાંને કારણે ફેલાતા પ્રદૂષણથી શ્વાસનળીમાં પીડા થઈ શકે છે અને અસ્થમા અને હૃદયરોગ જેવી બિમારીની સ્થિતિ વધારે વકરી શકે છે.
- અન્ય સામાન્ય ફટાકડાં કરતાં ગ્રીન ફટાકડાં ૩૦થી ૪૦ ટકા વધારે મોંઘા હોવાની શક્યતા છે કારણ કે, તેમાં વપરાતી કાચી સામગ્રી વધારે મોંઘી હોય છે.
- ગ્રીન ફટાકડાં બજારમાં સરળતાથી મળતા નથી અને એને શોધવા થોડો પ્રયાસ કરવો પડે એવું બની શકે છે.
- ફૂટતાં ફટાકડાંમાંથી નીકળતાં રંગો મુખ્યત્વે કોપર અને ફોસ્ફરસ જેવી ધાતુઓ સળગવાથી પેદા થાય છે. આમ, રંગહીન ફટાકડાં ફોડવા ઉત્તમ તો રહેશે પણ, એમાં રંગીન ફટાકડાં ફોડવા જેવો આનંદ નહીં મળે.

ગ્રીન ફટાકડાં હોવા માત્રથી, તમારે એને વધારે ફોડવા પણ ન જોઈએ. પરંપરાગત ફટાકડાનો આ સારો વિકલ્પ છે, પણ એનો સાવચેતીથી ઉપયોગ કરવો જરૂરી છે.

## કોવિડમાં સલામત દિવાળી

દિવાળી જીંદગીના આનંદ સાથે ઉજવણી કરવાનો, માફી આપવાનો, માફ કરવાનો અને એકબીજાને મળવાનો તહેવાર છે. વળી, આ ઉત્સવની ઉજવણી માટે ઘર સજાવવામાં આવે છે, દીપ પ્રકટાવવામાં આવે છે, ફટાકડાં ફૂટે છે, ભેટસોગાદોની આપલે થાય છે, પરિવારજનો અને મિત્રો મળે છે તેમજ સાથે ભોજન કરે છે. જો કે કોવિડના રોગચાળાએ ચાલુ વર્ષે તહેવારની ઉજવણી સંયમ સાથે કરવાની ફરજ પાડી છે.

ગ્રાહક સાથી તમને કોવિડ દરમિયાન સલામત રીતે દિવાળીની ઉજવણી કરવા અને તહેવારના ઉત્સાહને જાળવવા કેટલાંક ઉપયોગી સૂચનો કરે છે.

- મોટી સંખ્યામાં એકત્ર થવાનું ટાળો, ખાસ કરીને ઘરની અંદર. તમે લોકોને બહાર બગીચામાં કે પાર્કમાં, શારીરિક અંતર જાળવીને પછી ૬ના જૂથમાં મળી શકો છો.
- નાનું પારિવારિક મિલન અને ભોજન સમારંભ રાખો અથવા મિત્રો અને પરિવારજનો સાથે વર્ચ્યુઅલ ડિનરનું આયોજન કરો. દિવાળીના પ્રસંગે વીડિયો કોલ પર પ્રિયજનને મળવું વધારે સલામતીભર્યું છે.
- તમે જે મિઠાઇ ખરીદો, ખાવ અને વહેંચો એ ભેળસેળ વિનાની અને બગડેલી ન હોય એની ખાતરી કરો.
- નમસ્તે કરીને તહેવારની શુભેચ્છા આપો. કોઈને ભેટો નહીં કે સ્પર્શ ન કરો.
- દીપ પ્રકટાવતા અગાઉ આલ્કોહોલ-ધરાવતા હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ ન કરો, કારણ કે એનાથી આગ લાગી શકે છે. આગ સાથે સંકળાયેલી કોઈ પણ કામગીરી કરતા અગાઉ સાબુ અને પાણીથી હાથ ધૂઓ.
- સેનિટાઇઝરની બોટલને સહીસલામત જગ્યાએ રાખો અને આગથી દૂર રાખો.
- ફટાકડાંને કારણે ધુમાડો અને પ્રદૂષિત હવા શ્વાસમાં ન જાય એ માટે માસ્ક પહેરો કારણ કે, કોવિડ સામે રક્ષણ મેળવવા ફેફસાને સ્વસ્થ રાખવા મહત્ત્વપૂર્ણ છે.
- ભીડ ધરાવતા સ્ટોરમાં ખરીદી કરવા ન જાવ.
- પ્રવાસ ટાળો, જેથી જોખમ ઓછામાં ઓછું રહે. જો તમારે પ્રવાસ કરવો જ પડે તો, સલામતીના તમામ નીતિનિયમોનું પાલન કરો.
- તહેવારની પરંપરાગત વાનગીઓ વંચિતો અને એકલતા અનુભવતા લોકોને તેમજ બિમારીથી વધારે જોખમ ધરાવતા લોકોને પહોંચાડો, પણ એકબીજાનો સ્પર્શ ટાળો.



કોવિડ-૧૯નું નિવારણ કરવા માટે તમામ સાવચેતીઓ રાખવાનું ભૂલશો નહીં – માસ્ક પહેરો, નિયમિતપણે હાથ ધુઓ કે સેનિટાઇઝ કરો તથા હંમેશા દો ગજ કી દૂરી જાળવો, જેથી તમે અને તમારા પરિવારજનો સલામત રહે.

### અમારા છેલ્લા પાંચ અંકોની લીંક્સ

૧. સહિયારા સમુદાયો
૨. નમક ઔર સેહત
૩. હેન્ડ સેનિટાઇઝર
૪. સાયબર સુરક્ષા
૫. ભેળસેળ રહિત માવો ખરીદો


**સંપાદકીય ટીમ**

**સીઇઓ – એક્ઝીક્યુટીવ સંપાદક**
ઉદય માવાણી

**સહ સંપાદકો**
અનુષા અય્યર
અરુણા રઘુરામ
રશ્મિ ગોયલ

**અધ્યક્ષ સીઇઆરસી અને ટોર્ચ**
પ્રફુલ અમીન

**અધ્યક્ષ સીઇઆરએસ**
વોલ્ટર વિએરા